# જીવના જોખમે જીવની જાળવણી

પ્રાસંગિક
કલ્પના મહેતા
feedback.ladki@bombaysamachar.com

**મહિલા પાઈલટ અનુપમા કોહલીની સમયસૂચકતાને કારણે હવામાં અકસ્માત થતાં રહી ગયો અને ૨૬૧ ઉતારુઓ હેમખેમ પોતાના સ્થાને પહોંચી શક્યા**

કૅપ્ટન અનુપમા કોહલી એકદમ ખુશમિજાજમાં હતી. અચાનક કેટલીક જૂની સ્મૃતિઓ તાજી થતા તેના ચહેરા પર સ્મિત રેલાયું અને ગાલ ગુલાબી થઇ રહ્યા હતા. આંખોમાં આનંદ દોડાદોડ કરી રહ્યો હતો. સુખની ક્ષણો ક્યારે હાજર થઇ જાય એનું કોઇ ગણિત નથી હોતું. અને હા, દુઃખની પળો ક્યારે દરવાજે દસ્તક દઇને પધરામણી કરે એનો પણ અંદાજ નથી બાંધી શકાતો. અનુપમાના હોઠ મલકી રહ્યા હતા અને ચહેરા પર લાલી છવાઇ રહી હતી ત્યાં જ... ત્યાં જ એના કૉકપિટમાં લાલ સિગ્નલ બીપ બીપ અવાજ સાથે ચાલુ થઇ ગયું. પળવારમાં કૅપ્ટન કોહલીના ચહેરા પરની સ્મિતની રેખાઓ અલોપ થઇ ગઇ અને ચહેરો એકદમ તંગ થઇ ગયો. કપાળ પર કરચલીઓ દેખાવા લાગી અને પરસેવાના ટીપાં બાઝી ગયાં. આ એક ઇમર્જન્સીની, કટોકટીની અવસ્થાની નિશાની હતી. કૉકપિટમાં સખત અવાજમાં આદેશ આવ્યોઃ ક્લાઇમ્બ, ક્લાઇમ્બ. પળવારનો વિલંબ કર્યા વિના અનુપમા કોહલીએ વિમાનને જમણી તરફ વાળી ઊંચાઇ પર લઇ લીધું અને...

મુંબઇની સડકો પર ટ્રાફિકની અને અકસ્માતોની રહેવાસીઓ માટે કોઇ નવી વાત નથી. લોકો તો ટેવાઇ ગયા છે આવા અકસ્માતોની ખબરોથી. ટેવાઇ ટેવાઇને એવા રીઢા થઇ ગયા છે કે હાયકારો ભાગ્યે જ નીકળે છે. આવકમાં વધારો અને કિફાયતી દરને કારણે હવે તો હવાઇ ઉડ્ડયનના વપરાશકારો અનેકગણા વધી ગયા છે. હવાઇ સફરનું લાંબા અંતરનું ભાડું ટ્રેનના એસી કોચની સમકક્ષ હોવાને કારણે વિમાનની મુસાફરી કરનારાઓની સંખ્યામાં ખાસ્સો વધારો જોવા મળી રહ્યો છે. સાથે સાથે હવામાં ઊડતા વિમાનોની સંખ્યા પણ ખાસ્સી વધી છે. અલબત્ત વિમાનોને ટ્રાફિકની સમસ્યા ઉદ્ભવી જ ન શકે એવી એક સામાન્ય સમજણ છે અને એ મહદ્અંશે સાચી પણ છે. જોકે, વિમાન ઉડ્ડયનના નિયંત્રણમાં જો કોઇ પ્રકારની ગફલત રહી જાય તો હવામાં પણ વિમાનોની ટક્કર થઇને મોટી દુર્ઘટના થઇ શકે છે. ભૂતકાળમાં આવા બનાવો બન્યા પણ છે. ગયા અઠવાડિયે મુંબઇના આકાશમાં બે વિમાનની સંભવિત ટક્કરને કારણે મોટી હોનારત થતા ટળી ગઇ અને એનો શ્રેય જાય છે ઍર ઇન્ડિયાની મહિલા પાઇલટ અનુપમા કોહલીની સમયસૂચકતાને.




અનુપમા કોહલી ઍર ઇન્ડિયાના એ-૩૧૯ નંબરના વિમાનની પાઇલટ હતી. સાતમી ફેબ્રુઆરીએ એનું વિમાન મુંબઇથી ભોપાલ જઇ રહ્યું હતું. એ જ સમયે અન્ય એક હવાઇ જહાજ દિલ્હીથી પુણે તરફ જઇ રહ્યું હતું. આ વિમાનની પાઇલટ પણ એક મહિલા જ હતી. સૂત્રોએ આપેલી માહિતી અનુસાર ઍર ટ્રાફિક કન્ટ્રોલ કરનારા વિભાગ તરફથી માહિતી આપવામાં કોઇક પ્રકારની ગફલત થઇ એને કારણે કે પછી અન્ય કોઇ કારણસર હવામાં એકદમ નાજુક પરિસ્થિતિ સર્જાઇ ગઇ હતી. વાતાવરણમાં ટેન્શન છવાઇ ગયું હતું. બે વિમાન કેવળ બે હજાર ફૂટના તફાવત પર સામસામે ઊડી રહ્યા હતા. અચાનક કૅપ્ટન કોહલીના ધ્યાનમાં આવ્યું કે સામેથી એક વિમાન લગભગ સરખી ઊંચાઇએ પોતાની દિશામાં પૂરઝડપે આવી રહ્યું છે. કંઇક ગરબડ થઇ હોવાનો ખ્યાલ અનુપમા કોહલીને આવી ગયો. એમની પાસે ૨૦ વર્ષનો ઉડ્ડયનનો અનુભવ હતો. એટલે ગભરાયા વિના પરિસ્થિતિ પર કાબૂ મેળવી લીધો. ક્લાઇમ્બ ક્લાઇમ્બ મતલબ કે તમારું વિમાન ઊંચાઇ તરફ લઇ જાઓ એવો આદેશ મળતાની સાથે જ તેમણે વિમાનને જમણી તરફ વાળી લીધું અને ઊંચાઇ પર લઇ ગયા અને એ ઘડીએ કંઇ કેટલાય જણે રાહતનો શ્વાસ લીધો. સૌથી મહત્ત્વની અને નોંધવા જેવી વાત એ છે કે કૅપ્ટન કોહલીની ચપળતાને કારણે કુલ ૨૬૧ ઉતારુઓના જીવ બચી ગયા. મળેલી માહિતી અનુસાર ઍર ઇન્ડિયાના ભોપાલ જઇ રહેલા વિમાનમાં ૧૦૯ ઉતારુઓ હતા, જ્યારે દિલ્હીથી પુણે જતા હવાઇ જહાજમાં ૧૫૨ યાત્રીઓ હતા. સંભવિત દુર્ઘટનાની થોડી પળો પહેલા ઍર ટ્રાફિક કન્ટ્રોલ અને અન્ય વિમાનના પાઇલટ વચ્ચેની વાતચીત શ્રીમતી કોહલીના સાંભળવામાં આવી અને તેમના સજાગ મને એક હોનારત થતી અટકાવી દીધી. જો થોડી સેકન્ડની પણ વાર લાગી હોત તો... તો તમે જ કલ્પના કરી લો.

ઍર ઇન્ડિયાએ કૅપ્ટન અનુપમા કોહલીએ સમયસૂચકતા વાપરીને લીધેલા નિર્ણયને બિરદાવીને એની ભારોભાર પ્રશંસા કરી છે. કરવી જ જોઇએ. આ જાણીને હર કોઇ રાજી થશે. સાથે બીજી એક વાત પણ નોંધી લેવા જેવી છે કે સ્ત્રી આજના યુગમાં માત્ર પુરુષ સમોવડી નથી રહી, પણ કેટલીક વખત એક ડગલું આગળ ચાલતી જોવા મળી રહી છે એ સમજણ સામે જો કોઇને શંકા હોય તો અનુપમા કોહલીની દાસ્તાન સાંભળીને એ ગાયબ થઇ જવી જોઇએ, બરોબર ને? ■

# સ્ત્રીને પગભર કરવાની ધગશ

**બિચારી બાપડી ગણાવાતી સ્ત્રીઓના સશક્તીકરણ માટે રાધિકાએ એક એવી સંસ્થાનું નિર્માણ કર્યું છે, જેમાં ગામડાની ગરીબ મહિલાઓ ઘર અને પરિવારને સંભાળવાની સાથે પોતાની જરૂરિયાત માટે બે પૈસા કમાઇ શકે!**

સ્ત્રી પરિવારની એક અતૂટ કડી હોય છે. તેના વગર ઘર તો શું સાહેબ દીવાલ ચણતા પણ સો વાર વિચાર કરવો પડે છે. એક દિવસ પરિવારથી દૂર રહેવાથી ઘરની દશા દેવાઇ જાય છે. ઘરની કઇ વસ્તુ ક્યાં રાખેલી હોય છે, આવતી કાલ માટે અંદાજે કેટલા રૂપિયાની જરૂર હશે, બાળકોના શિક્ષણ માટેની ફી કેવી રીતે અને કેટલા સમયમાં ભરી શકાશે, ઘરમાં બે ટંકના જમવામાં કઇ વાનગીઓ બનશે આ બધી જરૂરિયાત ફક્ત અને ફક્ત એક સ્ત્રીને જ ખબર હોય છે. પરિવારની કાળજી રાખી રહેલી સ્ત્રીનું પોતાનું પણ એક જીવન હોય છે. પોતા માટે પણ તે કંઇક કરી છૂટવાની ધગશ રાખતી હોય છે, પણ પરિવારનું ધ્યાન રાખવામાં એટલી મગ્ન થયેલી હોય છે કે પોતાની જિંદગી ક્યાં વીતી ગઇ તેનું ભાન પણ નથી હોતું. દરેક સ્ત્રી આજના આધુનિક જમાનામાં પોતાના પગ પર ઊભી રહેવા માગતી હોય છે એટલે કે બે પૈસા કમાઇને મનગમતી વસ્તુ પર ખર્ચ કરવાની ઇચ્છા ધરાવતી હોય છે.




શહેરમાં તો મહિલાઓ આ બાબતે ખૂબ આગળ વધી રહી છે, પણ ગામડાઓમાં હજુ પણ મહિલાઓની સ્થિતિ કફોડી જ છે. આવી મહિલાઓના સશક્તીકરણ માટે એક મહિલાએ જ અવાજ ઉઠાવ્યો છે. પિંક સિટી ગણાતા જયપુરમાં રાધિકા કુમારીએ એક સંસ્થાનું નિર્માણ કર્યું છે જેમાં મહિલાઓને પર્યટન માટે ઓટોરિક્શા ચલાવીને રોજગાર મળી શકે! એક હાથીની સવારીના વિદેશી પર્યટક ૧૧૦૦ રૂપિયા ચૂકવતો હોય તો અમે પણ રિક્ષા ચલાવીને અમારો નફો થાય એટલી કમાણી તો કરી જ શકીએ છીએ. આવો વિચાર આવતાં રાધિકાએ તેની સંસ્થા શરૂ કરી અને તેનું માનવું છે કે આવો આઇડિયા બાકી શહેરો અને રાજ્યોમાં પણ લાગુ થવો જોઇએ જેથી ગરીબ ઘરની મહિલાને રોજગાર મળી રહે અને શહેર વિકાસની ગતિએ એક પગલું આગળ પણ વધે. રાધિકાના હાથ નીચે અત્યારે અનેક એવી સ્ત્રીઓ કામ કરી રહી છે જે મોટી ઉંમર સાથે નિરક્ષર છે. દુનિયા શું કહે છે એ વાતને ધ્યાનમાં ન લેતી સ્ત્રીઓને ઓટોરિક્ષા ચલાવવાની તાલીમ આપવામાં આવે તો પોતાના કામને પૂરી નિષ્ઠાથી કરી શકશે એવું રાધિકાનું માનવુ છે. રાધિકાની સંસ્થામાં કામ કરતી નજમા નામની સ્ત્રીનું જીવન ખૂબ દુઃખભર્યું હતું. રાજસ્થાનના ગામડામાં રહેતી હોવાથી ઘરની જવાબદારીઓમાંથી ઊંચી નહોતી આવી શકતી. નાનપણથી જ તેને પતિવ્રતા પત્ની બનવાની વાતો શીખવવામાં આવતી હતી, પણ નજમાની અંદર પોતાના માટે કંઇક કરી છૂટવાનો એક જ્વાળામુખી સળગી રહ્યો હતો. રાધિકાને જ્યારે આવી સ્ત્રી વિશે જાણ થઇ તેણે તરત જ નજમાને પોતાની સંસ્થામાં જોડી દીધી અને ઓટોરિક્ષા ચલાવવા માટે તાલીમ આપી અને તેનું આત્મબળ વધાર્યું. અત્યારે નજમા જેવી ઘણી સ્ત્રીઓ આ સંસ્થામાં કામ કરી રહી છે અને પૂરતો રોજગાર મેળવી રહી છે. સ્વાવલંબી જીવન માટે ઝંખતી સ્ત્રીઓ માટે રાધિકા તારણહાર બની રહી છે.

રાધિકાએ સ્ત્રીઓ માટે અમુક કાયદા પણ બનાવ્યા છે. રિક્શાચાલક સ્ત્રીઓએ હંમેશા યુનિફોર્મમાં જ રહેવું જોઇએ. ફક્ત ૪ કલાકની એક દિવસની ડ્યૂટી હોય છે, જેથી મહિલાઓ તેના ઘરની સાથે આ નોકરીને પણ સહેલાઇથી સંભાળી શકે. વધુમાં રાધિકા કહે છે કે 'યુનિફોર્મ એ એક શિસ્તનું પ્રતીક છે. ૧૦ કલાક રિક્શા ચલાવીને સારી રકમ કમાઇ શકીએ છીએ. તેથી મારી સંસ્થામાં કામ કરી રહેલી સ્ત્રીઓને હું ૪ કલાક કામ કરાવું છું જેથી તેઓ પોતાનું ઘર અને પરિવારને પણ સહેલાઇથી સંભાળી શકે. વિદેશી પર્યટકો સાથે સાઇન લેંગ્વેજમાં વાત કરવાની કળા પણ અમારી સંસ્થા દ્વારા શીખવવામાં આવે છે. અમારા કામતી એ લોકોને પણ બહુ ખુશી મળે છે. બસ...આનાથી વધારે શું જોઇએ!' રાધિકાની સંસ્થા દ્વારા તૈયાર કરાયેલી ઓટોરિક્શાની વાત કરીએ તો ત્રણ પૈડાવાળી રિક્ષા જેવી રિક્શા જ છે. ખાસિયત એ છે કે એમાં શહેરના નક્શા સાથે ન્યૂઝપેપર હૉલ્ડર અથવા બોટલ રાખવાનુ સ્ટૅન્ડ પણ છે. રિક્શાનું નિર્માણ કરતી વખતે સેફ્ટીનું પણ ખૂબ ધ્યાન રાખવામાં આવ્યું છે. સામાન્ય રિક્શા કરતાં મોટી જગ્યા ધરાવતી જયપુરની આ ઓટોરિક્ષામાં ધૂમ્રપાન અને અવાજ કરવાની સખ્ત મનાઇ છે. આટલું કર્યા બાદ રાધિકા પર્યટકોને સરળતા પડે તે માટે તેના ઘરાક માટે એક હેલ્પલાઇન શરૂ કરાવાનું વિચારી રહી છે જેથી તેમને કોઇપણ જાતની મુશ્કેલી પડતાં એ નંબર પર ફોન લગાવી શકે અને બે મિનીટમાં તેમના બધા જ સવાલોના જવાબ મળી જાય. જયપુરમાં અમુક ભાગોમાં ચાલી રહેલી ઓટોરિક્શા પૂરા જયપુર સહિત રાજસ્થાનમાં ચાલે એવા પ્રયાસો એકલી રાધિકા રહી છે. તેની આ કોશિશમાં એ ગરીબ સ્ત્રીઓ પૂર્ણપણે સાથ આપી રહી છે.■

''મુંબઈ સમાચાર'' MUMBAI SAMACHAR પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈને ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. * તંત્રીઃ નીલેશ દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃsamachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957